# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-10-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

**************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, રોજગાર મેળા દેશના યુવાનોના સપનાઓને પૂર્ણ કરવા માટેનું માધ્યમ બન્યાં
2. બિહારમાં વિધાનસભા ચૂંટણી પ્રચારે વેગ પકડ્યો-ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સમસ્તીપુરમાં જનસભા-મહાગઠબંધનની પણ રેલીઓ
3. આંધ્રપ્રદેશના કુર્નૂલમાં બાઇક સાથે અકસ્માત બાદ ખાનગી બસમાં આગની ઘટના- 20થી વધુ મુસાફરોના મોત
4. સબકી યોજના , સબકા વિકાસ પર જાહેર સેવા જાગૃતિ ફિલ્મ આજથી 6 નવેમ્બર સુધી દેશના સિનેમાઘરોમાં પ્રદર્શિત કરાશે
5. ભારતની અંડર-18 ટીમોએ બહેરીનમાં યોજાયે લી એશિયન યુથ ગેમ્સમાં સુવર્ણ ચંદ્રક જીત્યા

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# REV. PM ROZGAR MELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે રોજગાર મેળા દેશના યુવાનોના સપનાઓને પૂર્ણ કરવા માટેનું એક માધ્યમ બની ગયા છે. શ્રી નવી દિલ્હીમાં 17મા રાષ્ટ્રીય રોજગાર મેળામાં એક વીડિયો સંદેશમાં આ મુજબ જણાવ્યું. કાર્યક્રમ દરમિયાન, રોજગાર મેળા પહેલ હેઠળ વિવિધ સરકારી વિભાગો અને સંગઠનોમાં નવા ભરતી થયેલા 51 હજારથી વધુ યુવાનોને નિમણૂક પત્રોનું વિતરણ કરાયું. શ્રી મોદીએ આ તમામ ઉમેદવારોને અભિનંદન પાઠવ્યા.

**(BYTE: PM—ROZGAR)**

શ્રી મોદીએ કહ્યું કે, આ રોજગાર મેળાઓ દ્વારા જ છેલ્લા કેટલાક સમયમાં 11 લાખથી વધુ યુવાનોને નિમણૂક પત્રો અપાયા છે. પ્રધાનમંત્રીએ દેશમાં 'વિકસિત ભારત યોજના ' પણ શરૂ કરી , જેનો ઉદ્દેશ્ય 3.5 કરોડ યુવાનોને નોકરીઓ પૂરી પાડવાનો છે. તેમણે કહ્યું આજે તહેવાર અને સફળતાની બેવડી ખુશી યુવાને મળી છે.

**(BYTE: PM-MODI-51-JOBS)**

# BIHAR CAMPAIGNING

બિહાર વિધાનસભા ચૂંટણીના પહેલા તબક્કા માટે પ્રચારે વેગ પકડ્યો છે. રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન- NDAના સ્ટાર પ્રચારકો તેમના ઉમેદવારોના સમર્થનમાં રાજ્યભરમાં રેલીઓ યોજી રહ્યા છે. ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સમસ્તીપુરમાં ચૂંટણીસભા સંબોધી. શ્રી મોદીએ કહ્યું , બિહાર ફરી એકવાર NDA સરકાર બનશે. તેમણે ઉમેર્યું , NDA એટલે વિકાસની ગેરંટી. બીજી

તરફ મહાગઠબંધનના મુખ્યમંત્રી પદના ઉમેદવાર અને RJD નેતા તેજસ્વી પ્રસાદ યાદવ પણ આજથી પોતાનો ચૂંટણી પ્રચાર શરૂ કરશે.

## PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 26 તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત" કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિઓ કાર્યક્રમની આ 127-મી કડી હશે.આ માટે લોકો પોતાના મંતવ્યો ટૉલ ફ્રી નંબર 1800—11—7800 પર તેમજ નરેન્દ્ર મોદી ઍપ્લિકેશન અને માય GOV ઑપન ફૉરમના માધ્યમથી ઑનલાઈન મોકલી શકે છે. આજે મંતવ્ય મોકલવાનો અંતિમ દિવસ છે.

## PRESIDENT KOTTAYAM

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કેરળના એર્નાકુલમ સ્થિત સેન્ટ ટેરેસા કોલેજના શતાબ્દી સમારોહમાં ઉપસ્થિત રહ્યા. ગઈકાલે કોટ્ટયમથી કુમારાકોમની મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિનું મોટી સંખ્યામાં લોકો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. સેન્ટ થોમસ કોલેજ, પાલાના પ્લેટિનમ જ્યુબિલી સમારોહનું ઉદ્ઘાટન કરતા , રાષ્ટ્રપતિએ શિક્ષણ ક્ષેત્રે કોટ્ટયમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ પ્રશંસા કરી

## DAY ANDHRA-BUS ACCIDENT

આંધ્રપ્રદેશના કુર્નૂલમાં આજે વહેલી સવારે એક ખાનગી સ્લીપર બસ અને મોટરસાઇકલ વચ્ચે થયેલા અકસ્માતમાં બસમાં આગ લાગી હતી. જેમાં 20 થી વધુ મુસાફરોના મોત થયા હતા અને ઘણા લોકો ઇજાગ્રસ્ત થયા હતા.

મોટરસાઇકલ બસ નીચે ઘસડાતા આગ લાગી હતી જેના કારણે ઇંધણ ટાંકીમાં વિસ્ફોટ થયો હતો. શોર્ટ સર્કિટને કારણે દરવાજો જામ થઈ જતાં આગ ઝડપથી ફેલાઈ હતી . જેથી

મુસાફરો અંદર ફસાઈ ગયા હતા. અત્યાર સુધીમાં 11 મૃતદેહોની ઓળખ કરવામાં આવી છે. બાકીના પીડિતોની ઓળખ કરવામાં આવી રહી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં , રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણનેએ શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરીને ઇજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તેવી કામના કરી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આંધ્રપ્રદેશના કુર્નૂલ જિલ્લામાં થયેલી દુ:ખદ બસ દુર્ઘટનામાં અનેક લોકોના મોત પર દુ:ખ વ્યક્ત કર્યું છે. શ્રી મોદીએ પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી દરેક મૃતકના પરિવારને બે-બે લાખ રૂપિયા જ્યારે ઘાયલોને પચાસ હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી.

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ પીડિતોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરીને શક્ય તમામ સહયોગ આપવાની ખાતરી આપી છે. તેલંગાણાના મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડીએ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે રાજ્યના મુખ્ય સચિવ અને ડીજીપીને તાત્કાલિક હેલ્પ લાઇન શરૂ કરવા નિર્દેશ આપ્યો હતો.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

# PANCHAYATI RAJ

જનતા યોજના અભિયાન - સબકી યોજના , સબકા વિકાસ પર બે મિનિટની જાહેર સેવા જાગૃતિ ફિલ્મ આજથી 6 નવેમ્બર સુધી દેશના સિનેમાઘરોમાં પ્રદર્શિત કરાશે. પંચાયતી રાજ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જનભાગીદારી અને સરકારી યોજનાઓના સંતૃપ્તિના સંકલ્પ સાથે સુસંગત છે. આ અભિયાનનો ઉદ્દેશ્ય 2026-27 માટે પંચાયત વિકાસ યોજનાઓની તૈયારીમાં જનજાગૃતિ અને લોકોની ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો છે.

આદર્શ આચારસંહિતા અમલમાં હોય તે સિવાયના તમામ રાજ્યોમાં આ શોર્ટ ફિલ્મ પ્રદર્શિત કરાશે. ફિલ્મ શરૂ થાય તે પહેલાં અને અંતરાલ સમયગાળાની છેલ્લી પાંચ મિનિટ દરમિયાન આ શોર્ટ ફિલ્મ ચલાવવામાં આવશે.

## VP-SHAH - ITBP RAISING DAY

ઉપ-રાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને ભારત-તિબેટીયન સીમા પોલીસ ITBPના સ્થાપના દિવસ નિમિત્તે ITBPના બહાદુર નાયકોને બિરદાવ્યા. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી રાધાકૃષ્ણને કહ્યું કે ITBPએ ભારતની સરહદો અને લોકોની સુરક્ષા માટે હિંમત, શિસ્ત અને અતૂટ પ્રતિબદ્ધતાનું ઉદાહરણ આપ્યું છે. તેમણે કહ્યું કે ફોર્સની અથાક સતર્કતા , માનવતાવાદી સેવા અને સમર્પણ દેશની તાકાત અને સુરક્ષામાં ગર્વ અને વિશ્વાસ પ્રેરે છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઇન્ડો-તિબેટીયન બોર્ડર પોલીસના કર્મચારીઓને ITBPના સ્થાપના દિવસ પર શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં , શ્રી શાહે હિમવીરોને નિર્દય ભૂપ્રદેશો અને અક્ષમ્ય વાતાવરણમાં દેશની સુરક્ષામાં તેમની હિંમત અને પ્રતિબદ્ધતા બદલ બિરદાવ્યા. તેમણે દેશ માટે પોતાના જીવનનું બલિદાન આપનારા શહીદોને પણ શ્રદ્ધાંજલિ આપી.

# NADDA POLIO

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે.પી. નડ્ડાએ આજે વિશ્વ પોલિયો દિવસ નિમિત્તે પોલિયો નાબૂદ કરવામાં ભારતની નોંધપાત્ર પ્રગતિ પર પ્રકાશ પાડ્યો. સોશિયલ મીડિયા પોસ્ટમાં , શ્રી નડ્ડાએ જણાવ્યું હતું કે આરોગ્યસંભાળ કાર્યકરોની મહેનતને કારણે પોલિયો નાબૂદ કરવામાં સફળતા મળી છે. તેમણે લોકોને સમયસર રસીકરણ દ્વારા દરેક બાળકને સુરક્ષિત રાખવા અને સ્વસ્થ, પોલિયો મુક્ત ભવિષ્ય માટે સાથે મળીને કામ કરવા અપીલ કરી.

# JAISHANKAR -UN

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું કે બહુપક્ષીયતા પ્રત્યેની પ્રતિબદ્ધતા મજબૂત રહેવી જોઈએ અને સંયુક્ત રાષ્ટ્રને સમર્થન આપવું જોઈએ. સંયુક્ત રાષ્ટ્રના 80 વર્ષ પૂર્ણ થવા પર નવી દિલ્હીમાં સ્મારક ટપાલ ટિકિટના વિમોચન પ્રસંગે, તેમણે શાંતિ અને સુરક્ષા તેમજ વિકાસ અને પ્રગતિના આદર્શો પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. તેમણે ભાર મૂક્યો કે ભારત હંમેશા સંયુક્ત રાષ્ટ્ર અને બહુપક્ષીયતાનું મજબૂત સમર્થક રહ્યું છે અને રહેશે.

જોકે, ડૉ. જયશંકરે કહ્યું યુએનની ચર્ચાઓ વધુને વધુ ધ્રુવીકરણ પામી છે. તેમણે જણાવ્યું હતું કે સુધારા પ્રક્રિયાનો ઉપયોગ કરીને કોઈપણ અર્થપૂર્ણ સુધારામાં અવરોધ આવે છે અને નાણાકીય અવરોધો વધારાની ચિંતા તરીકે ઉભરી આવ્યા છે. તેમણે ભાર મૂક્યો હતો કે આતંકવાદ સામે યુએનનો પ્રતિભાવ યુએન દ્વારા સામનો કરવામાં આવી રહેલા પડકારોનું એક સ્પષ્ટ ઉદાહરણ છે

# PM CHHATH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ છઠ ઉત્સવ પહેલા છઠ પૂજા સંબંધિત ગીતો તેમને મોકલવા નાગરિકોને અપીલ કરી છે. આ ગીતો તેઓ આગામી સમયમાં શેર કરશે. સોશિયલ મીડિયા પોસ્ટમાં , શ્રી મોદીએ કહ્યું કે છઠી મૈયાના ગીતો આ પવિત્ર પ્રસંગની ભવ્યતા અને દિવ્યતા વધારે છે.

## INDIA KABADDI - GOLD

ભારતની અંડર-18 છોકરાઓ અને છોકરીઓની ટીમોએ બહેરીનમાં યોજાયેલ એશિયન યુથ ગેમ્સ ૨૦૨૫માં સુવર્ણ ચંદ્રક જીત્યા છે. છોકરીઓની ટીમે ફાઇનલમાં ઈરાનને ૭૫-૨૧થી હરાવ્યું હતું. નેહા પટેલે ૨૮ પોઈન્ટ બનાવ્યા હતા. કબડ્ડી સ્પર્ધાની પાંચ મેચમાં ભારતે ૩૧૨ પોઈન્ટ બનાવ્યા હતા. છોકરાઓની ટીમે ફાઇનલમાં ઈરાનને ૩૫-૩૨થી હરાવ્યું હતું. આ બે સુવર્ણ ચંદ્રક સાથે ,ભારત હવે મેડલ ટેબલમાં ઉપર આવી ગયું છે.